

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

## સલામી સવારની..

ખાયકી મેદાને ચરવા જાણે ઘોડા છૂટેલા છે!
આતંક સામે લડતા પોલીસ પણ ફૂટેલા છે!
ખૂટેલા છે ઓર્ડર્લીથી અફસર સુધી તમામ -
ફૂટો માથાં કે આ નેતાઓ આપણે જ ચૂંટેલા છે!!

### હાઈકુ

મળે ને કોઈ !
દીવો દઈને શોધો -
વિશ્વાસ-પાત્ર

છે નહીં છાંટો
તંત્રના સમુદ્રમાં -
વફાદારીનો...

### ચિંતન

**ન ચ હિંસ્ર મુપે ક્ષેત શક્તો, હન્યારચ તત્ક્ષણે ।**

ઉપરોક્ત સૂત્ર ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.

હિંસક મનુષ્ય, ખૂની,આતંકવાદી કે ઉગ્રવાદી અને જંગલી પશુ પ્રાણીઓ આમની કદાપિ ઉપેક્ષા ન કરવી, અને સમર્થ્ય હોય તો આવાં તત્ત્વોને તાત્કાલિક રીતે આ જગતમાંથી વિદાય આપવી, એટલે કે મોતને ઘાટ ઉતારવા.

જંગલી હિંસક પશુને આંખની શરમ લાગણી - પ્રેમ - સંબંધ જેવું કશું હોતું નથી. એને તો પોતાના માર્ગમાં અવરોધ બનતા કે પોતાના મનમાં આવે તેને વિના વાંકે, મારણ વિના રંગદોળી નાખે છે. આવો હિંસક પ્રાણીનો સ્વભાવ છે. આવી જ રીતે આજકાલ આતંકવાદીઓ કેટલાક નિર્દોષ મનુષ્યોના વિના કારણ જીવ લેતા હોય છે.

આવા તત્ત્વોની ઉપેક્ષા ન કરવી. તેમના પર ધ્યાન કેન્દ્રિત કરી. તેમની બધી જ હિલચાલ પર નિરીક્ષણ રાખવું અને જો શક્તિ-મર્યાદા હોય, તો 'એન્કાઉન્ટર'માં પતાવી જ નાખવા જોઈએ.

હિંસક વૃત્તિવાળાં પ્રાણીઓ જેમનામાં માનવતાનો છાંટો નથી એમને જીવવા જિવાડવાનો કોઈ જ અર્થ નથી એમ ચાણક્ય કહે છે.

### સુવિચાર

- કુછ અલગ કરના હો તો ભીડ સે હટ કર ચલિયે, ભીડ સાહસ દેતી હે, મગર પહચાન છીન લેતી હે - **વિચાર બિંદુ**
- ચાકરીના લાંડુ કરતા આઝાદીનું ઘાસ સારું - **ટોમલ આલ્ડ્રીન**
- દુ:ખનું માપ વિપત્તિના સ્વરુપથી નહીં, પરંતુ સહન કરનારના સ્વભાવ પરથી કરવું જોઈએ - **એડિસન**
- જો ખુશીઓ જોઈતી હોય તો ચિંતાને છોડવી પડશે - **જીવન પાથેય**
- તમારી અંદર એ બધું જ છે જે તમને આ દુનિયાનો સામનો કરવા માટે જોઈએ છે - **સંજય રાવલ**
- સમય અને જિંદગી રિપીટ નથી થતી પરંતુ અપડેટ થાય છે માટે નવું નવું શીખતાં જ રહો - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ - એક ચમચી વિનેગાર, બે ચમચી મધ, નવશેકા ગરમ પાણી સાથે મિક્સ કરી રોજ સવારે લેવાથી વા માં ફાયદો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાજગુરુની ઉંમર થઈ એટલે એમને એમના શિષ્યોમાંથી યોગ્ય શિષ્યને રાજગુરુ બનાવવાની જવાબદારી સોંપવામાં આવી. ગુરુએ શિષ્યોને કહ્યું, 'આવતીકાલથી રોજ એક શિષ્યએ નદી કિનારે જવું ત્યાં સુર્યોદય થાય ત્યારે જે કંઈ નદીમાં જુઓ તે તમારી પરિક્ષા એમાં સફળ થાય તો તમને રાજગુરુ બનાવીશ.' એક ખેડૂતને રાજગુરુએ કહી રાખ્યું હતું કે તારે નદીમાં એક સફરજન રોજ સૂર્યોદય થાય ત્યારે વહેવડાવી દેવું જેથી શિષ્યની પરીક્ષા કરી શકાય. એક શિષ્ય ગયો. નદીમાં સફરજન તણાઈ આવતું જોયું પણ કંઈ કર્યા વગર પાછો આવ્યો. બીજો શિષ્ય બીજા દિવસે ગયો. ફરી સરફજન આવ્યું તેણે તે સફરજન ખાઈ લીધું. અને ગુરુને આવી સમાચાર આપ્યા. ત્રીજો શિષ્ય ત્રીજા દિવસે સફરજન લઈ નદીને કિનારે કિનારે સફરજનના બગીચા સુધી ચાલતો પહોંચ્યો અને ખેડૂતને કહ્યું, 'આ આપની વાડીનું સફરજન છે જેના પર આપનો હક છે. આપ આ ફળ લઈ લો.' ખેડૂતે કહ્યું, 'આ તો રાજાનો બગીચો છે. માટે આ ફળ પર રજાનો હક છે.' શિષ્ય ચાલતો ચાલતો રાજા પાસે ગયો. રાજાને થયું આ શિષ્ય એક સફરજન આપવા માટે આશ્રમથી છેક અહીંયા આવ્યો ? રાજાએ પૂછ્યું, 'અરે એક સફરજન પાછળ આટલી બધી મહેનત કરી ?' ત્યારે શિષ્યએ જવાબમાં કહ્યું, 'મારું ઝમીર મને સફરજનના માલિક સુધી લાવ્યું છે. આ ફળ મારું થથી મેં એના માટે કોઈ ખાસ મહેનત નથી કરી. મને તો એ નદીમાં વહેતું મળી ગયું હતું.'

રાજા ખુશ થયા અને એ શિષ્યને રાજગુરુની જગ્યા પર નિમણૂંક કરી.

# દેશની લથડતી આર્થિક સ્થિતિ

**તંત્રીસ્થાનેથી...**


કેન્દ્ર સરકાર અનેક ક્ષેત્રે નવા પ્રયોગો કરી રહી છે અને અનેક જોખમી છતાં રાષ્ટ્રહિતના નિર્ણયો લઈ રહી છે. એ દષ્ટિએ જોતાં દેશને અત્યાર સુધી મહેલ સરકારોમાં મોદી-સરકાર સૌથી વધુ લોકપ્રિય અને સૌથી વધુ જોખમી નિર્ણયો લઈ શકનારી સાહસિક સરકાર પુરવાર થઈ છે. અયોધ્યાનો સાનુકૂળ ચુકાદો મેળવી એ સમસ્યાનો સર્વમાન્ય ઉકેલ લાવનારી સરકાર તરીકે મોદી શાસન સદીઓ સુધી વખણાતું રહેશે. તો વળી કાશ્મીરને દેશના મુખ્યપ્રવાહમાં ભેળવવાનો સાહસિક નિર્ણય લેનારી સરકાર તરીકે પણ એણે આગવો ઈતિહાસ રચી જાણ્યો છે જેનો મુકાબલો વાજપેયી સહિતની અન્ય કોઈ નેતાગીરી કરી શકે એમ નથી. ખાટલે ખોડ છે અર્થ-નીતિમાં મળેલી સરિયામ નિષ્ફળતા. નાગરિકતા સંશોધન કાનૂન દેશની લઘુમતી પ્રજાને ભલે અળખામણો લાગ્યો હોય તથા કહેવાતા તથાકથિત બૌદ્ધિકો વિપક્ષી નેતાઓએ એ મુદ્દે દેશવ્યાપી - વિશ્વવ્યાપી ઊહાપોહ મચાવતા હોય, પરંતુ હિંદુસ્તાન નામે ઓળખાતાં રાષ્ટ્રમાં હિંદુ હિજરતીઓને માનપૂર્વત સમાવવાનો મોદી-શાહનો નિર્ણય રાષ્ટ્રહિતમાં જ ગણાશે. જે સૌથી મોટી નિષ્ફળતા છે તે અર્થનીતિ અંગેની છે. ડૉ. મનમોહનસિંહે દેશનું અર્થતંત્ર પાટા પર ચડાવ્યું હતું તે મોદીશાસન દરમિયાન લથડી ગયું છે એ વાતનો અહેસાસ તો ખુદ મોદી અને શાહ ઉપરાંત એમના ઉદ્યોગપતિ સમર્થકોને પણ થયો જ હશે. રાહુલ બજાજ જેવા વરિષ્ઠ ઉદ્યોગપતિએ તો આ મુદ્દે આક્રોશ વ્યક્ત કર્યો પણ હતો. વિકાસ દરમાં સતત નોંધાતો રહેલો ઘટાડો સરકાર માટે ચિંતાનો વિષય હતો જ; પરંતુ લાફા મારીને ગાલ રાતા રાખતી કેન્દ્ર સરકાર શાહમૃગનીતિ અપનાવી એમ સમજતી રહી કે આ તો વૈશ્વિક મંદીનો હંગામી પ્રભાવ છે. આપણે વિશ્વની ચોથા નંબરની ઈકોનોમી બનવા ભણી અગ્રસર છીએ જ. પરંતુ જાહેર થયેલા આંકડા કારમી મોંઘવારીની ઝપેટમાં આવી ગયેલા દેશનું જ ચિત્ર રજૂ કરી રહ્યા છે. ફુગાવો અત્યાર લગીની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયો છે. ખાદ્યાન્ન ફુગાવો ૧૩.૨૪ ટકા થયો છે, જે નવેમ્બરે અને ઑક્ટોબરમાં અનુક્રમે ૧૧ અને ૯.૮૦ ટકા હતો. ડિસેમ્બરમાં ડુંગળીના ભાવમાં ૪૫૫.૮ ટકાન ઉછાળો નોંધાયો છે. શાકભાજીના ભાવ પણ બેહદ ઊછળ્યા છે. ડિસેમ્બરમાં બિન ખાદ્યવસ્તુઓનો ફુગાવો ૭.૭૨ ટકા રહ્યો છે. વિકાસ દર છ વર્ષના તળિયે પહોંચ્યો છે. રિટેલ ફુગાવો ૭.૩૫ ટકા અને જથ્થાબંધ ફુગાવો ૨.૫૯ ટકા રહેતાં રિઝર્વ બેંક વ્યાજ દરોમાં ઘટાડો કરે એની શક્યતા ખૂબ જ ઓછી છે. નિકાસ ઘટી છે, એમ આયાત પણ ઘટી છે. ડૉ. મનમોહનસિંહ અને પી. ચિદમ્બરમ્‌થી લઈ રિઝર્વ બેંકના પૂર્વ ગવર્નર રઘુરામ રાજન જે ચિંતા દર્શાવતા રહ્યા છે તેમાં તથ્ય છે. સરકારે નાણાંબદલીનો નિર્ણય કર્યો અને જીએસટી લાગુ કર્યો એથી થયેલ પારાવાર નુકશાનનું આ પરિણામ છે. સરકાર માટે હિંદુ બહુમતીને રાજી રાખવા કરતાં આર્થિક-સામાજિક સંવાદિતા અને વિકાસ એ વધુ પ્રાથમિકતા ધરાવતા મુદ્દા હોવા જોઈએ, જે આ સરકાર માટે શિરોવેદના બની શકે એમ છે.

# કાળા વાદળમાં તેજનો લીસોટો - વિકર્ણ

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા



મહાભારતનો કથાપટ વિશાળ છે, તેમાં ગૌણ પાત્ર જગ્યા થોડી રોકે - પણ પ્રભાવ સારો પાથરે. કાળા વાદળ ભર્યા આકાશમાં વીજળીને કારણે તેજ લીસીટો થાય - એની જેમ. વિકર્ણ આવું પાત્ર છે.



ધૃતરાષ્ટ્ર અને ગાંધારીને દુર્યોદન વગેરે સો પુત્રો હતા અને એક પુત્રી હતી - દુ:શલા. આ સો પુત્રોમાં દુર્યોધન સૌથી મોટો. ઓગણીસમાં ક્રમે વિકર્ણ હતો. આમ પણ તે, કાળા વાદળોનાં તેજનો લીસોટો હોય; એના જેવો હતો.

તે નીતિમાન હતો, સત્યવકતા હતો, નીડર હતો; જે સાચું હોય, તે કોઈની પણ શેહમાં આવ્યા સિવાય કહી દે. આથી તે, દુર્યોધનને આંખમાં કણાની જેમ ખૂંચે, પાંડવો શત્રુપક્ષે હતા, પરંતુ વિકર્ણ માટે એને માન હતું. કુરુક્ષેત્રના મહાયુદ્ધમાં એ અને ભીમ સામસામે આવી ગયા. ભીમને પણ એને મૃત્યુ આપતા, પારાવાર વ્યથા થઈ હતી. તે 'મહારથી' હતો. પ્રાચીન ભારતીય યુદ્ધવિદ્યમાં 'મહારથી'ની ઓળખ આપી છે - (૧) એ એકલો યુદ્ધ દરમિયાન દસ હજાર ધનુર્ધારી સાથે લડી શકે (૨) તમામ પ્રકારના શસ્ત્રો અને અસ્ત્રો વાપરવામાં કુશળ હોય. (૩) જ્ઞાનવિજ્ઞાનના તમામ શાસ્ત્રોમાં નિપુર્ણ હોય.

મહાભારતકારે એની ઓળખ 'મહારથી' તરીકે આપી છે.

અહીં વિકર્ણનાં જીવનનો એક મહત્ત્વનો પ્રસંગ આપ્યો છે. એની નીતિમત્તા, નિર્ભિકતા, સત્યવાદિતા અને સ્પષ્ટ વકતૃત્વ - બધું આમાંથી ફલિત થાય છે.

દુર્યોધનની દ્યુતસભામાં ભારે ઉત્તેજના હતી. શકુનિ અને યુધિષ્ઠિર - બંને રમી રહ્યા હતા. બંને દ્યુતકલા - જુગારમાં નિર્પુણ ખરા; પરંતુ શકુનિ કપટથી રમતો હતો, એટલે તફાવત હતો. એને કારણે એ જીતતો જતો હતો, ફલક ઉપર પાસા ગગડે, યુધિષ્ઠિર દાવ ઉપર મૂકતા જાય; પરંતુ દરેક વખતે યુધિષ્ઠિર જ હારે. આમ કરતાં, એનો સમગ્ર વૈભવ, ધનસંપત્તિ બધુ ગુમાવી બેઠા. એ સાવ અકિંચન થઈ ગયા. હવે એને શકુનિના કહેવાથી, સહદેવ, નકુલ, અર્જુન અને ભીમને મૂક્યા, છેવટે પોતાને દાવ ઉપર મૂક્યા. પરંતુ હારતા ગયા. શકુનિના કહેવાથી દ્રૌપદીને હોડમાં મૂકી. એ પણ હારી ગયા. દ્રૌપદીને સભામાં લાવવામાં આવી.

એણે પ્રશ્ન કર્યો - 'હું હરાઈ નથી, યુધિષ્ઠિર પોતે પોતાની જાતને જ હારી ગયા છે. પછી એ મને દાવ પર મૂકી જ કેમ શકે ?' દ્રૌપદીનો પ્રશ્ન સાચો હતો. યુધિષ્ઠિરની પહેલાં, દાવમાં મૂકાઈ હોત, તો જુદી વાત હતી.

પાંડવોની પીડા અને દ્રૌપદીની વેદના જોઈને વિકર્ણ ઊભો થયો. એણે ધારદાર રજૂઆત કરી:

(૧) હે રાજાઓ, દ્રૌપદીના પ્રશ્નનો જવાબ આપો. કોઈ પ્રશ્ન કરે તો એનું સમાધાન વિવેકપૂર્વક નહિ કરો; તો નરકેન પ્રાપ્ત કરશે. નરકે જવાનો આ માર્ગ છે.

(૨) આ ભીષ્મ અને ધૃતરાષ્ટ્ર વડીલો છે. વિદુર મહામતિ છે. દ્રોણ અને કૃપા સાથે વિદ્વાન આચાર્ય છે. તમે કોઈ ઉત્તર આપતા નથી. આ સંજોગોમાં મૌન રહેવું એ અપરાધ છે.

(૩) તમે કોઈ ઉત્તર આપતા નથી; તો હવે જે ન્યાયસંગત છે; એ હું કહું છું, કોઈ પણ શાસક રાજા માટે ચાર અનિષ્ટો છે - શિકાર, મદિરા, જુગાર અને સ્ત્રમાં અતિશય આસક્તિ. આમાંથી કોઈ પણ એક સ્થિતિમાં નિર્ણય લેવાય એ અધર્મ છે, અયોગ્ય છે. યુધિષ્ઠિરે પહેલાં પોતાની જાતને હારી છે, પછી એણે દ્રૌપદીને હોડમાં મૂકી છે. આ દ્રૌપદી પાંચ પાંડવોની સમાન ભાવે પત્ની છે. એ રીતે પણ એને દાવ ઉપર મૂકાય નહીં. કોઈ પણ સંજોગોમાં આ દ્રૌપદી હરાઈ નથી, એ મુક્ત અને સ્વતંત્ર જ છે, કોઈની દાસી નથી આ રીતે વિકર્ણ મહાભારતનું પ્રતિભાસંપન્ન પાત્ર છે.

# ધર્મની ઉન્નતિમાં પ્રસંશનીય કામગીરી માટે કયો એવોર્ડ અપાય છે?

ખજાનો
અનિલ પટેલ



## વિભિન્ન એવોડ્ઝ

| | | |
|---|---|---|
| ૧ | સરસ્વતી સન્માન પુરસ્કાર ક્યારથી અપાય છે ? | |
| | (અ) ઈ.સ. ૧૯૯૦ | (બ) ઈ.સ. ૧૯૯૧ |
| | (ક) ઈ.સ. ૧૯૯૩ | (ડ) ઈ.સ. ૧૯૯૫ |
| ૨ | પ્રથમ જ્ઞાનપીઠ એવોર્ડ વિજેતા મહિલા સાહિત્યકાર કોણ છે ? | |
| | (અ) આશાપૂર્ણા દેવી | (બ) સુમિત્રાનંદન જોશી |
| | (ક) મહાદેવી વર્મા | (ડ) વિન્દા કરન્દીકર |
| ૩ | મહાદેવી વર્માને કઈ ભાષા માટે જ્ઞાનપીઠ એવોર્ડ અપાયો ? | |
| | (અ) ગુજરાતી | (બ) હિન્દી |
| | (ક) સંસ્કૃત | (ડ) બંગાળી |
| ૪ | વાચસ્પતિ પુરસ્કારની શરુઆત કયારથી થઈ ? | |
| | (અ) ઈ.સ. ૧૯૮૫ | (બ) ઈ.સ. ૧૯૮૭ |
| | (ક) ઈ.સ. ૧૯૮૯ | (ડ) ઈ.સ. ૧૯૯૧ |
| ૫ | ઉડિયા ભાષામાં સૌપ્રથમ જ્ઞાનપીઠ એવોર્ડ કોને મળ્યો ? | |
| | (અ) કે.વી. પુટપ્પા | (બ) ગોપીનાથ મોહંતી |
| | (ક) તારાશંકર બંદોપાધ્યાય | (ડ) રહેમાન રાહી |
| ૬ | રહેમાન રાહીને કઈ ભાષામાં સાહિત્ય સર્જન માટે જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત થયો ? | |
| | (અ) ઉર્દૂ | (બ) હિન્દી |
| | (ક) કાશ્મીરી | (ડ) ભોજપુરી |
| ૭ | ફિરોઝ ગાંધી પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે ? | |
| | (અ) નાટ્યક્ષેત્ર | (બ) પત્રકારત્વ |
| | (ક) સાહિત્યક્ષેત્ર | (ડ) ચિત્રકલા |
| ૮ | પંજાબી ભાષામાં જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર મહિલા કોણ છે ? | |
| | (અ) અમૃતા પ્રીતમ | (બ) વિન્દા કરન્દીકર |
| | (ક) સુમિત્રા નંદન | (ડ) મહાદેવી વર્મા |
| ૯ | લતા મંગેશકર કઈ સરકાર દ્વારા અપાતો પુરસ્કાર છે ? | |
| | (અ) મહારાષ્ટ્ર | (બ) ઉત્તરપ્રદેશ |
| | (ક) રાજસ્થાન | (ડ) મધ્યપ્રદેશ |
| ૧૦ | કયો પુરસ્કાર એશિયાનો નોબલ પુરસ્કાર તરીકે ઓળખાય છે ? | |
| | (અ) ઓસ્કાર પુરસ્કાર | (બ) મેગ્સેસે એવોર્ડ |
| | (ક) ટેમ્પલટન પુરસ્કાર | (ડ) મહાત્મા ગાંધી શાંતિ પુરસ્કાર |
| ૧૧ | કલિંગ પુરસ્કાર કયા ક્ષેત્રને લોકપ્રિય બનાવવા હેતુ અપાય છે ? | |
| | (અ) ચિત્રકલા | (બ) સંગીત કલા |
| | (ક) નાટ્યકલા | (ડ) વિજ્ઞાન |
| ૧૨ | આંતરરાષ્ટ્રીય સદ્‌ભાવના માટે કયો પુરસ્કાર અપાય છે ? | |
| | (અ) ફૂલ બ્રાઈટ પુરસ્કાર | (બ) સુખોરાવ પુરસ્કાર |
| | (ક) જેસી ઓવેંસ | (ડ) હરિઓમ આશ્રમ પુરસ્કાર |
| ૧૩ | રાઈટ લિવલીહૂટ પુરસ્કાર આપતી સંસ્થા કયાં આવેલી છે ? | |
| | (અ) મોસ્કો | (બ) લંડન |
| | (ક) પેરિસ | (ડ) જીનિવા |
| ૧૪ | ધર્મની ઉન્નતિમાં પ્રસંશનીય કામગીરી માટે કયો એવોર્ડ અપાય છે ? | |
| | (અ) ટેમ્પલટન | (બ) તુલસી સન્માન |
| | (ક) કલિંગ પુરસ્કાર | (ડ) સરસ્વતી સન્માન |
| ૧૫ | ગોલ્ડન ગ્રેટ પુરસ્કાર કયા ક્ષેત્ર માટે અપાય છે ? | |
| | (અ) વિજ્ઞાન | (બ) સાહિત્ય |
| | (ક) ફિલ્મ | (ડ) ખેલ |

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ**

- **૧૭ જાન્યુઆરી :**
  - અમેરિકાના પ્રતિમાવંત રાજપુરુષ, 'પ્રથમ અમેરિકન'નું બિરુદ્ધ મેળવનાર બેન્ઝામીન ફ્રેંકલીનનો જન્મ દિવસ (૧૭૦૬)
  - ગીતકાર, જાવેદ અખ્તરનો જન્મદિવસ (૧૯૪૫)
  - પૂર્વ કેન્દ્રીય મંત્રી શશી થરૂરના પત્નિ સુનંદા પુસ્કરનું મોત (૨૦૧૪)
  - અમેરિકાએ ઈરાક પર યુદ્ધ જાહેર કર્યું (૧૯૯૧)
- **૧૮ જાન્યુઆરી : આંતરરાષ્ટ્રીય મૌન અને મનન દિવસ**
  - સાહિત્યકાર, કવિ કરશનદાસ માણેકનું નિધન (૧૯૭૮)
  - ૨૪મું અંતરીક્ષયાન મિશન કોલંબીયા-૭ પૃથ્વી પર પરત ફર્યું (૧૯૮૬)
  - ઈરાકે ઈઝરાયેલ પર સ્કર્ડ મિસાઈલ છોડી (૧૯૯૧)
  - એક્સરે મશીનનું પ્રથમ વખત ન્યુયોર્ડમાં પ્રથમ થયું (૧૯૯૬)
- **૧૯ જાન્યુઆરી :**
  - વિશ્વના અગ્રણી કવિઓમાં જેની ગણના થાય છે તે રોબ્રટ લી ફ્રોસ્ટનું નિધન (૧૯૬૩)
  - મહાન વિચારક આચાર્ય રજનીશ જનીશચંદ્ર મહોન 'ઓશો'નું નિધન (૧૯૯૦)
  - મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોરનું નિધન (૧૯૦૫)
  - જયા ઠાકોરની જન્મજયંતિ (૧૯૨૬)
- **૨૦ જાન્યુઆરી :**
  - અજોડ આત્મબળથી અંગબળ મેળવનાર વીર રામમૂર્તિનું નિધન (૧૯૩૮)
  - મહાન કલાવિદ, તત્ત્વચિંતક, લેખક જહોન રસ્કીનનું નિધન (૧૯૦૦)
  - ડૉ. મુકુલ કલાર્થીની જન્મજયંતિ (૧૯૨૦)
  - વીતેલા જમાનાની અભિનેત્રી પરવીન બોબીનો જન્મદિવસ (૧૯૪૯)
- **૨૧ ડિસેમ્બર :**
  - રશિયાની પ્રજાના તારણહાર બાલ્ડીમીર લેનિનનું નિધન (૧૯૮૯)
  - 'કવિશ્વર'નું બિરુદ્ધ પામનાર કવિ દલપત રામનો જન્મદિવસ (૧૮૨૦)
  - લોકતાંત્રિક સમાજવાદના પ્રખર સમર્થક બ્રિટી લેખક જયોર્જ ઓસ્વેલનું અવસાન (૧૯૫૦)
  - બોલીવુડ બ્યુટી ગીતા બાલીનું માત્ર ૩૫ વર્ષની વયે અવસાન (૧૯૬૫)
- **૨૨ જાન્યુઆરી :**
  - પાદરી ગ્રેહામ સ્ટેઈલની હત્યા દારાસિંહે કરી (૧૯૯૯)
  - જમ્બો જેટ અને ક્વિન ઓફ સ્કાયના જેને ઉપનામ મળ્યા તેવા કમર્શિયલ પ્લેન બોઈંગ-૭૪૭ નું ઉડ્યન શરૂ થયું (૧૯૭૦)
  - ગઝલકાર, પત્રકાર, અબ્બાસ અલી વાસી 'મરીઝ'નો જન્મદિવસ (૧૯૧૭)
  - જયશંકર ભોજક 'જયશંકર સુંદરી'નું નિધન (૧૯૭૫)
- **૨૩ જાન્યુઆરી :**
  - સ્વતંત્રતાના અણનમ યોદ્ધા સુભાષચંદ્ર બોઝનો જન્મદિવસ (૧૮૯૭)
  - શોલે જેવી હીટ ફિલ્મ આપનાર રમેશ સિપ્પીનો જન્મદિવસ (૧૯૪૭)
  - રાજારામ મોહનરાયે 'બ્રહ્મોસમાજ'ની સ્થાપના કરી (૧૮૩૦)

### ગત સપ્તાહના સવાલનો જવાબ

**તાજેતરમાં અમેરિકાના હુમલામાં ઈરાનના કયા લોકપ્રિય નેતાનું અવસાન થયું ?**
**જવાબ : કાશીમ સોલેમની (ઈરાનીયન મીલેટરી કમાન્ડર)**

### સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) મહેશ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૪) જયેન્દ્રપ્રસાદ પાઠક : સે-૬ (૫) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૬) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૭) હાર્દિક એન ભટ્ટ : સે-૨૪

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**દિલ્હી ભાજપ પ્રમુખ તરીકે હાલમાં કયા નેતા જવાબદારી વહન કરી રહ્યા છે ?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# સમારંભની સાથે સાથે...

હળવે હૈયે
પ્રકાશ લાલા



લેખનું શીર્ષક વાંચીને જો તમને થાય કે અમે કોઈ મોટા ફંકશનના સમાચારમાં, તેમાં નેતાજીએ આપેલ ભાષણના અહેવાલ સાથે છાપામાં મૂકાયેલ બોક્ષ આઈટમ 'સમારંભની સાથે સાથે...' ની વાત કરવાના છીએ, જેમાં નેતાજી કેટલા વાગીને કેટલી મિનિટે પધર્યા, નેતાજીએ કેવા વસ્ત્ર પરિધાન કર્યા હતા, મંચ કેટલો મોટો એ કેવો સજાવેલો હતો, નેતાજીને કેટલા ફૂટ લાંબો હાર પહેરાવાયો હતો, મંચ ઉપર નેતાજી સાથે કયા કયા મહાનુભાવોને ખુરશી અપાઈ હતી ને કોણ કોણ કપાયા હતા... એવી એવી વાચકોને રસ પડે તેવી (અથવા વાચકોને રસ પડશે જ એમ માની લઈને લખાયેલી) વિગતો પીરસાતી હોય છે તેના વિશે કોઈ વાત કરવાના છીએ તો આપનું અનુમાન ખોટું છે.

હા, અમારે આવું 'સમારંભની સાથે સાથે...' લખવું છે પણ નાના નાના કાર્યક્રમોમાં ઘણીવાર સર્જાતી પ્રેક્ષકોની દષ્ટિએ મનરંજક ને આયોજકો - - મંચસ્થ મહાનુભાવો માટે ક્ષોભજનક પળો વિશે લખવું છે.

કોઈ પણ કાર્યક્રમમાં આયોજક માટે બે સ્થિતિ ચિંતાજનક હોય છે... નિમંત્રણ કાર્ડમાં દર્શાવેલ સમય સુધીમાં વક્તા - ઉદ્‌ઘાટક - મુખ્ય મહેમાન પહોંચી ગયા હયો પણ પૂરું ઓડિયન્સ ન આવ્યું હોય તે અને એથી ઉલ્ટું - પ્રેક્ષકો પૂરતી સંખ્યામાં સમયસર ગોઠવાઈ ગયા હોય પણ મુખ્ય મહેમાનનો પત્તો ન હોય તે... આવી બંને સ્થિતિમાં મનમાં ભારોભાર ઉચાટ છતાં હસતું મોં રાખી આઘાપાછા થતા ને વારંવાર 'મહેમાન કેટલે પહોંચ્યા'ની અપડેટ્‌સ મેળવવા મોબાઈલ મચડતા આયોજક - પ્રયોજકની દશા જોવા જેવી હોય છે...

આ બધું સમુ સુતરું પાર ઉતરે એટલે આયોજકને 'હાશ' થાય ને કાર્યક્રમના સંચાલકને શરૂ કરવા ઈશારો કરે... હવે સંચાલક 'મર્યાદા પુરુષ' હોય તો તો સારું પણ એ જો પોતાની આવડત, જ્ઞાન પ્રદર્શિત કરવાના ઉત્સાહમાં ચાલુ પડી જાય તો મંચસ્થ મહાનુભાવોને સથે ઓડિયન્સને પણ થાય કે હવે મૂળ વાત પર આ ભાઈ આવે તો સારું... સંચાલકશ્રી લાંબુ લાંબુ કહે એમાં વળી કોઈ મહેમાન - મહાનુભાવ આયોજકને ધીરેથી કહે કે, 'ભાઈ જરા જલ્દી કરાવો, મને પહેલા બોલી લેવા દેજો કેમ કે મારે બીજા કાર્યક્રમમાં પહોંચવાનું છે...' એટલે આયોજક પાછા ભેરવાય એ સંચાલકશ્રીને ચિઠ્ઠી મોકલે... એ શ્રીમાનેય 'ગુચવાય...' એટલે જે તૈયારી કરી હોય તેમાં છેલ્લી ઘડીયે ફેરફાર કરવાનો આવે એટલે થોડા લચ્છા પણ વાગે !!

દીપ પ્રાગટ્યવાળી આઈટેમ આવા કાર્યક્રમમાં કયારેક જોખમી બની જોઈ છે.... ખુલ્લામાં ફંકશન હોય તો પવન વેરી બનીને મહેમાનને દીપ પ્રગટાવવા જ ન દે... દિવાસળી કે મીણબત્તી પવનથી ઓલવાઈ જાય... ફરી પ્રગટાવીને મહેમાનના હાથમાં અપાય... એ ઊંચી દિવીની ટૂંકી વાતને પ્રજ્જવલિત કરવા જાય ત્યાં ફરી ઓલવાઈ જાય... ફંકશન બંધ હોલમાં હોય તો તો થાય કે દીપ પ્રાગટ્ય સરળતાથી થશે.... પણ ના... ઘણીવાર બહુ કલાકો પહેલાં દિવેટો ઘીમાં પળાળીને દિવામાં ગોઠવી દીધી હોય તો છેલ્લી ઘડીએ, જામી ગયેલ ઘીના લીધે એ ઝટ સળગતી નથી હોતી. સંચાલકશ્રી એનાઉન્સ કરે કે, 'હવે મુખ્ય મહેમાનશ્રી તથા મંચસ્થ મહાનુભાવો દીવ પ્રાગ્ટ્ય કરી રહ્યા છે...' દૂર બેઠેલા પ્રેક્ષકો તાળીઓના ગડગડાટથી દીપ પ્રાગટયની ઘટનાને વધાવી લે પણ સામે મંચ ઉપર હઠીલી દિવેટે પ્રગટવાનું નામ જ ન લીધું હોય...

પણ ખરી મજા તો પુસ્તક વિમોચન (કે હવે 'લોકાર્પણ' જેને કહેવાય છે તે) તે વખતે આવે છે.... સંચાલકશ્રી કહે કે, 'હવે આપણે જેની આતુરતાપૂર્વક રાહ જોઈ રહ્યા છીએ તે પુસ્તક વિમોચન વિધિ થશે...' તે સાથે જ આયોજકના કાર્યકર મુખ્ય મહેમાન સહિત મંચસ્થ મહાનુભાવોને સરસ રેપરમાં 'પૅક' કરેલ પુસ્તક પકડાવી દે... મ્યુઝિક વાગે... સૌ રેપર ખોલે... પણ અતિ ઉત્સાહી કાર્યકરે પુસ્તક જાણે પાર્સલમાં મોકલવાનું હોય એમ ગિફ્ટ પેપરમાં પેક કરી સેલોટેપથી જડબેસલાક એવું બંધ કરી દીધું હોય કે મહેમાનો એને ખોલવા મથ્યા કરે... અરે, બીજા મહાનુભાવો એમાં સફળ થાય પણ મુખ્ય મહેમાનથી પેકીંગ ખુલે જ નહીં.... ત્યારે જોવા જેવી થાય... બીજા પુસ્તક ધરીને ઊભા હોય... ફોટોગ્રાફર્સ - વીડિયોગ્રાફર્સ એટેન્શનમાં હોય, ઓડિયન્સ તાળીઓ શરૂ કરી દે પણ... જયાં સુધી મુખ્ય મહેમાન પેકીંગ ખોલી પુસ્તક ઊંચું ન ધરે ત્યાં સુધી શું ? છેવટે બીજાની મદદથી કે પોતાના સખત પ્રયત્નો પછી મુખ્ય મહેમાનને સફળતા પ્રાપ્ત થાય ને પુસ્તકનું વિમોચન - લોકાર્પણ થઈ શકે...

આયોજકે સૌને ખુશ રાખવા મુખ્ય મહેમાન, ઉદ્‌ઘાટક, અથિતિ વિશેષ, મુખ્ય વક્તા, ખાસ મહેમાનના વિશેષણ આપીને ઘણા બધાને સમાવી કે સંતોષી લીધા હોય... કાર્યક્રમના પ્રારંભે એ સૌને બુકે - પુષ્પગુચ્છ આપી, શાલ ઓઢાડી સન્માનવામાં આવે છે. પણ જોવા જેવી તો ત્યારે થાય કે છેલ્લી ઘડીએ એવી વ્યક્તિ વિશેષ આવી જાય કે તેનેય મંચ ઉપર ખુરશી આપવી પડે... આયોજક સંચાલકને કહે... સંચાલકશ્રી તેને આવકારી મંચ ઉપર સ્થાન લેવા નિમંત્રે.... ને 'એમનું સન્માન કરીશું' કહી કોઈને બોલાવે પણ ત્યારે બુકે પતી ગયા હોય તો ? સમજુ મહેમાન હળવેથી પોતાને બુખે મોકલી દઈ પ્રસંગ જાળવી લેતા હોય છે...

સાહેબો, વિવિધ કાર્યક્રમોમાં તમે ય આ બધાંના સાક્ષી બન્યા જ હશો ને ? માટે જ જો તમારે કયાંક મંચ શોભાવવાનો વારો આવે તો આયોજકને પહેલેથી જ આ વિશે ચેતવી દઈ, ધ્યાન રાખવા સજાગ બનાવી દેવાની જવાબદારી તમારી થાય છે, હોં !!